# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
## "વિદ્યાભવન" સેક્ટર-૧૨ ગાંધીનગર

**(સંશોધન અને તાલીમ સહાયકની કરાર આધારિત કામગીરી કરાર અંગેની જાહેરાત-2024-25)**

**જાહેરાત ક્રમાંક:1/2024-25 | 21413 - 458** **તા.20/09/2024**
**21**

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2023/4747/N, તા.02/08/2024 અન્વયે લેક્ચરર સંવર્ગની કુલ 253 ખાલી જગ્યાઓ 11 માસના કરારથી **"સંશોધન અને તાલીમ સહાયક"** તરીકે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (G.C.E.R.T) તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં (D.I.E.T) ખાલી જગ્યાઓ પર કામગીરી કરાર કરવાની મંજુરી મળેલ છે. આ અંગે ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ તા.25/09/2024 (બપોરના 02.00 કલાક) થી તા.05/10/2024 ના (રાત્રીના 23:59 કલાક) સુધી www.sebexam.org વેબસાઇટ પર જઇ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**1) ભરવાપાત્ર જગ્યાઓ :**

| જાહેરાત ક્રમાક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | શાખાવાર ખાલી જગ્યાઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | PSTE | DRU | IFIC | CMDE | ET | P & M | WE |
| 1/2024-25 | સંશોધન અને તાલીમ સહાયક | 253 | 110 | 22 | 29 | 26 | 22 | 24 | 20 |

**ઉપરોક્ત PSTE શાખાની 110 જગ્યાઓમાં વિષયવાર ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.**

| PSTE | Gujarati | English | Maths | Science | Social Science | Psychology | Physical Education | Art |
|---|---|---|---|---|---|---|---|---|
| | 18 | 10 | 10 | 12 | 17 | 12 | 12 | 19 |

**2) પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| 1 | **વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ કરવાની તારીખ** | **તા.21/09/2024** |
| 2 | **ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઇન ભરવાનો સમયગાળો** | **તા.25/09/2024 થી તા.05/10/2024** |
| 3 | **ફી સ્વીકારવાનો સમયગાળો** | **તા.25/09/2024 થી તા.06/10/2024** |
| 4 | **પ્રાથમિક પરીક્ષા (બહુવિકલ્પ સ્વરૂપ) ની સંભવિત તારીખ** | **તા.17/11/2024** |
| 5 | **મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક લેખિત સ્વરૂપ) ની સંભવિત તારીખ** | **તા.15/12/2024** |

➢ યોજાનાર પરીક્ષા કે જેમાં પ્રથમ પરીક્ષા 200 ગુણની બહુવિકલ્પ સ્વરૂપ (MCQ) પધ્ધતિથી લેવામાં આવશે. તથા દ્વિતિય પરીક્ષા 200 ગુણની વર્ણનાત્મક લેવામાં આવશે.

➢ શિક્ષણ વિભાગના તા.02/08/2024ના ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2023/4747/N અનુસાર પસંદગી યાદી ઉમેદવારના દ્વિસ્તરીય પરીક્ષા માં બીજી પરીક્ષા (વર્ણનાત્મક) માં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

➢ દ્વિતિય લેખિત પરીક્ષામાં (વર્ણનાત્મક) 60% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારોનો મેરીટ લીસ્ટમાં સમાવેશ કરી શકાશે. મેરીટ યાદી શાખાવાર તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત PSTE શાખા માટે વિષયવાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

➢ ઉમેદવારોએ પ્રાથમિક પરીક્ષા (બહુવિકલ્પ સ્વરૂપ) અને મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક લેખિત સ્વરૂપ) નો અભ્યાસક્રમ વેબસાઇટ www.sebexam.org અને wwwgcert.gujarat.gov.in પર ઉપલબ્ધ રહેશે તથા ડાઉનલોડ કરી લેવાનો રહેશે.

## 3) શૈક્ષણિક લાયકાત :

| Sr. No | Branch | Education Qualification |
|---|---|---|
| 1 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Gujarati subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India.<br>B.Ed. with Gujarati and Sanskrit or Hindi is preferably. |
| 2 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in English subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India.<br>B.Ed. with English and Sanskrit or Hindi is preferably. |
| 3 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Mathematics subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 4 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Science subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 5 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Social Science subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 6 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Psychology subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 7 | Pre Service Teacher Education **(PSTE)** | (1) The candidate should have a Graduate Degree as per UGC norms in Arts / Commerce / Science / Physical Education from any recognized university established by law in India. |

| | | |
|---|---|---|
| | | and,<br>(2) The candidate should have Professional Qualification in Physical Education (B.P.Ed.) or Diploma in Physical Education (D.P.Ed.) as per University Grant Commission (UGC) / National Council of Teacher Education (NCTE) / Rehabilitation Council of India (RCI) norms from any recognized university established by law in India.<br>(3) The candidate should have Master Degree in Physical Education as per University Grant Commission (UGC) / National Council of Teacher Education (NCTE) / Rehabilitation Council of India (RCI) norms with minimum 55% marks from any recognized university established by law in India.<br>Or<br>(1) The candidate should have a Graduate Degree in Physical Education as well as a Post-Graduate Degree in Physical Education with minimum 55 % marks from any recognized university established by law in India [Graduation along with Post-graduation Course in Physical Education of five (05) or more than five (05) years' duration] |
| 8 | Pre Service Teacher Education **(PSTE)** | The candidate should have a Graduate Degree in Fine Arts or Diploma of Fine Arts (Five years integrated course) |
| 9 | In Service Education, Field Interaction and Innovation Co-ordination **(IFIC)** | Master's Degree as per UGC norms in Arts or Science or Commerce and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 10 | District Resource Unit **(DRU)** | Master's Degree as per UGC norms in Humanities or Social Science or Science and Social Works or Social Service or Social Development or Rural Development or Rural Service M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 11 | Planning and Management **(P&M)** | Master's Degree as per UGC norms in Economics or Statistics or Public Administration or commerce and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |

| | | |
|---|---|---|
| 12 | Education Technology **(ET)** | MCA or M.Sc. (IT) or M.E./M.Tech (Computer / Computer Science) or M.E./M.Tech (I.T.) or M.sc. (Computer / Computer Science) as per UGC norms from a recognized university established by law in India.<br>and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 13 | Work Experience **(WE)** | Master's Degree as per UGC norms in Science or Social Science or Agriculture or Home Science or Rural Study and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 14 | Curriculum, Material Development and Evaluation **(CMDE)** | Master's Degree as per UGC norms in Arts or Science or Commerce and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |

➢ ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જાઇએ.

➢ ઉમેદવારે જરૂરી શૈક્ષણિક લાયકાત UGC માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇશે.

## 4) <u>શાખા પસંદગી :</u>

➢ ઉમેદવારની લાયકાત એકથી વધુ શાખા માટેની અને વિષયો માટે હોવા છતા કોઇપણ એક જ શાખા/વિષય માં ઉમેદવારી નોંધાવી શકશે.

➢ ઉમેદવારે જે શાખા/વિષય પસંદગી કરેલ હશે તે મુજબ પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

## 5) <u>પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ :</u>

➢ પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ www.sebexam.org અને www.gcert.gujarat.gov.in વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવાનો રહેશે.

## 6) <u>પ્રશ્નપત્રનું માધ્યમ:</u>

➢ પ્રાથમિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

## 7) <u>પરીક્ષાની ફી :-</u>

➢ તમામ કેટેગરીના ઉમેદવારો માટે પ્રાથમિક પરીક્ષાની ફી 350/- (અંકે રૂપિયા ત્રણસો પચાસ પુરા) તેમજ GST અને Payment Gateway Service Charge ભરવાનો રહેશે. દ્વિતિય કસોટી માટે પાત્ર થનાર ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સુચવ્યા મુજબની ફી ભરવાની રહેશે.

➢ કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

❖ <u>ફી ભરવાની પધ્ધતિ :</u>

➢ ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા Debit CARD/Net BANKING/UPI થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Pay Fees" ઉપર ક્લીક

કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું જોવા મળશે અને e-receipt પણ મળશે તેની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો Screen પર ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીની e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ના ઇ-મેલ (gseb21@gmail.com) ઉપર સંપર્ક કરવાનો રહેશે.

8) **પરીક્ષા કેન્દ્ર :**

- પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પરીક્ષાના કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વખર્ચે પરીક્ષા આપવા ઉપસ્થિત રહેવાનું રહેશે. સામાન્ય રીતે અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા ખાતે પરીક્ષા કેન્દ્રો રહેશે.

9) **ઉચ્ચક માનદ વેતન (માસિક) :**

- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં સંશોધન અને તાલીમ સહાયક (કરાર આધારિત) કામગીરી કરાર માટે માસિક ફીકસ રૂ.26,000/- ઉચ્ચક માનદ વેતન મળવાપાત્ર થશે.

10) **વયમર્યાદા :**

- ઉમેદવારની મહત્તમ વય મર્યાદા (અરજીની છેલ્લી તારીખે) 42 વર્ષની રહેશે.

11) **કરારનો સમયગાળો**

- સંશોધન અને તાલીમ સહાયકોની કામગીરીનો કરાર 11 માસનો રહેશે. 11 માસના કરારનો સમય પૂરો થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.
- **આ વચગાળાની 11 માસના કરાર આધારિત કામગીરી કરાર હોવાથી આ કરાર અંતર્ગત કરાર આધારિત નિમણૂક પામનાર કોઇ પણ ઉમેદવાર કાયમી નોકરી કે અન્ય કોઇપણ પ્રકારના સેવાકીય હક કે લાભ માટે દાવો કરી શકશે નહી.**

12) **અગત્યની સુચનાઓ:-**

- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો ખાતે કામગીરી કરાર પામેલ ઉમેદવારનો 11 માસનો કરારનો સમયગાળો પૂર્ણ થયેથી કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.
- ફોર્મ ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાનો રહેશે.
- પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે www.sebexam.org તથા www.gcert.gujarat.gov.in વેબસાઇટ જોતા રહેવાનું રહેશે.
- ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. રૂબરૂ, ટપાલથી,કુરીયરથી કે અન્ય કોઇપણ રીતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

- ઉમેદવારે જે શાખા તથા વિષય માટેની પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને શાખાની ખાલી જગ્યાઓની યાદીમાંથી જિલ્લા માટે પસંદગી આપવામાં આવશે.
- ઉમેદવારની લાયકાત એકથી વધુ શાખા માટેની અને વિષયો માટે હોઇ છતા કોઇપણ એક જ શાખા/વિષય માં ઉમેદવારી નોંધાવી શકશે.
- ઉમેદવારે જે શાખા અને વિષય માટે જિલ્લાની પસંદગી કરીને અગ્રમતાક્રમ આપેલ હશે તે મુજબ Merit cum Preference ના ધોરણે જિલ્લાની ફાળવણી કરવામાં આવશે.
- સંશોધન અને તાલીમ સહાયકની પસંદગી પ્રક્રીયા અને પ્રતિક્ષા યાદી બહાર પાડવાની સત્તા નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરની રહેશે.
- ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવો.
- ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ www.sebexam.org વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અરજીની પ્રિન્ટ જરૂર પડેથી રજુ કરવાની રહેશે.
- રાજ્ય પરીક્ષા બોર્ડ ,ગાંધીનગર દ્વારા કામચલાઉ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. આ યાદીમાં જે ઉમેદવારોનો સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ www.sebexam.org વેબસાઇટ પરથી કરવામાં આવશે. મેરીટ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવાર માટે ડોક્યુમેન્ટ વેરીફીકેશન અંગેની સુચના વેબસાઇટ પર મુકવામાં આવશે. નિશ્ચિત કરવામાં આવેલ સમયગાળામાં ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું રહેશે. (ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે અરજી સાથે જોડવાના આધારોની સૂચિત યાદી વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.) ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે અને મેરીટ યાદીમાંથી તેવા ઉમેદવારનું નામ કમી કરવામાં આવશે. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.
- જે ઉમેદવારે નિયત પરીક્ષા ફી ભર્યા અંગેની પહોંચ-Slip મેળવેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઇઝ્ડ હોલટિકિટ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
- ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. હોલટીકીટ સાથે પરીક્ષા વખતે આપવામાં આવતી OMR શીટનો નમૂનો પણ વેબસાઇટ પર મુકવામાં આવશે. આ OMR શીટના નમૂના પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઇ ગુંચવણ ઊભી ન થાય.
- આ પરીક્ષા બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ પ્રકારાની લાગવગ/દબાણ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ,ગાંધીનગર / રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.
- આ પરીક્ષા માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ,ગાંધીનગર દ્વારા અરજીપત્ર ઓનલાઇન મંગાવવામાં આવેલ છે. તેમાં માંગેલ માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું કચેરીને માલુમ પડશે તો તેવા ઉમેદવારનુ પરિણામ

રદ કરવાનો નિર્ણય ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ,ગાંધીનગર દ્વારા લેવામાં આવશે.

- ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઇન આપવાનું રહેતુ હોઇ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવાપાત્ર બનશે તથા તે અંગે તેઓની સામે ફોજદારી ગુનો બનશે.
- વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે પસંદગી સમિતિનો નિર્ણય અંતિમ રહેશે.
- ઉક્ત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય અથવા તો ફોર્મ ભરવા બાબતે કાઇ મુશ્કેલી હોઇ તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર 1800 233 7963 ઉપર સંપર્ક કરી શકાશે.

❖ **<u>ઓનલાઇન અરજી કરવાની રીત :</u>**

- આ જાહેરાતના સંદર્ભમાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ,ગાંધીનગર દ્વારા તા.25/09/2024 (બપોરના 02.00 કલાક) થી તા.05/10/2024 ના (રાત્રીના 23:59 કલાક)) દરમિયાન www.sebexam.org પર ઓનલાઇન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે.
- અરજી ફોર્મ ચોકસાઇપૂર્વક online ભરવાનું રહેશે. <u>નામ, અટક, જન્મ તારીખ, કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.</u>
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- "Apply Online" પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. (અહીં લાલ(*) ફુંદડીની નિશાની જ્યાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Ok પર Click કરો. અહી Photo અને Signature upload કરવાના છે.(ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઈ અને 3.6 સે.મી. પહોળાઈ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઈ અને 7.5 સે.મી. પહોળાઈ રાખવી.) Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે સોફ્ટકોપીમાં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG formatમાં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમા Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Ok પર Click કરવાથી બે (2) બટન 1:Application Preview 2.Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી.
- અરજી Confirm કર્યા પહેલાં કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી. જો અરજી

સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવુ. વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.

- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
- આ પરીક્ષાની ફી માત્ર ઓનલાઇન પેમેન્ટ મોડ થી ભરવાની રહેશે.
- ઉમેદવારે ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા Debit CARD/Net BANKING/UPI થી પરીક્ષા ફી ભરી શકશે.

સ્થળ: ગાંધીનગર
તારીખ: 20/09/2024
21

(પ્રકાશ કે. ત્રિવેદી)
અધ્યક્ષ
પસંદગી સમિતિ, સંશોધન અને તાલીમ સહાયક,
નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન,
અને તાલીમ પરીષદ,
ગાંધીનગર

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રીનાં અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.